# બચત ખાતામાં લઘુત્તમ બેલેન્સ અંગે

રેફ. નં. ડીબીઓડી. ડીઆઈઆર. બીસી. 53/13.10.00/2002-03

26 ડિસેમ્બર, 2002

દરેક કર્મશિયલ બેન્કો
(આરઆરબી અને એલએબી સિવાય)

સ્નેહીશ્રી,

<u>બચત ખાતામાં લુક્તમ રકમ અંગ</u>

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ બચત ખાતામાં ઓછામાં ઓછી રકમ રાખવા અંગે કોઇ માર્ગદર્શિકા બહાર પાડી નથી. બેન્ક આ માટે ખાતાની જાળવણી અને સેવા માટેની ચોક્કસ રકમ નક્કી કરી બચત ખાતામાં તેટલું બેલેન્સ ઓછામાં ઓછું રાખવાનું રહેશે. જો આમ ન થાય તો ચોક્કસ ચાર્જ વસૂલવામાં આવશે. અલબત્ત, આ અંગે કોઇ સમાન ધોરણ રાખવામાં આવ્યું નથી.

2. અમને જાણ થઇ છે કે, ખાતું ખોલતી વખતે બેન્ક ગ્રાહકોને ખાતામાં રાખવાની લઘુત્તમ રકમ વિશે જાણ કરતી નથી અને જો ખાતાની જાળવણી ન થાય તો ચાર્જ વસૂલવામાં આવશે તે વિશે પણ ગ્રાહકોને ચેતવણી નથી. બેન્ક ગ્રાહકને તે પણ જણાવતી નથી કે લુઘત્તમ રાખવું પડતું બેલેન્સની રકમમાં ફેરફાર થઇ શકે છે.

3. આ માટે અમે આ બાબતને પુન: ચકાસીને સૂચન કરીએ છીએ કે, ખાતું ખોલતી વખતે જ બેન્કે ગ્રાહકોને લઘુત્તમ રાખવી પડતી રકમ વિશે પારદર્શક માહિતી આપવી. ખાતા ધારકો આ અંગે થઇ શકાનારા ફેરફારો વિષે પણ સમજાવવું. ગ્રાહકોને આ જાણકારી ઉપલબ્ધ બનાવવાની પધ્ધતિ બેંક નક્કી કરી શકે છે.

4. રસીદ જોડવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(આર.સી. અગ્રવાલ)
જનરલ મેનેજર